*This Question Paper contains 8 printed pages.*

Seat No.:

Sl. No. : 100001

# 205(G)

**(May, 2021)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ A થી E પાંચ વિભાગ છે.
2) પ્રશ્નપત્રમાં 1 થી 48 પ્રશ્નો સળંગ છે.
3) આંતરિક વિકલ્પો આપેલ નથી.
4) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ છે.
5) પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબ લખવા.
6) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 15 હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[15]**

1) કાચું ભરતિયું કોણ તૈયાર કરે છે ?
   (A) માલધણી (B) આડતિયો
   (C) ગ્રાહક

2) માલધણી આડતિયાને માલની સાથે શું મોકલાવે છે ?
   (A) વેચાણ આંકડો (B) કાચું ભરતિયું
   (C) રસીદ

3) સામાન્ય આડતની ગણતરી કયા વેચાણ પર થાય છે ?
   (A) રોકડ વેચાણ (B) ઉધાર વેચાણ
   (C) કુલ વેચાણ

4) એકનોંધી પધ્ધતિમાં ઉધાર ખરીદી શોધવા કોનું ખાતું તૈયાર કરવામાં આવે છે ?
   (A) લેણદારનું (B) દેવાદારનું
   (C) લેણી હુંડીનું

5) એકનોંધી પધ્ધતિ એ દ્વિનોંધી પધ્ધતિનું કયું સ્વરૂપ છે ?

(A) સંપૂર્ણ (B) અપૂર્ણ

(C) એકપણ નહિ

6) ફેરિયા અને ચા ની લારીવાળા કઈ પધ્ધતિએ હિસાબો રાખે છે ?

(A) દેશી નામા પધ્ધતિ (B) દ્વિનોંધી નામા પધ્ધતિ

(C) એકનોંધી નામા પધ્ધતિ

7) ભાગીદારી કરારમાં સ્પષ્ટતા ન હોય તો ભાગીદારની લોન પર કેટલા ટકા વ્યાજ આપવું પડે ?

(A) 6% (B) 9%

(C) 12%

8) ભારતમાં કંપની ધારો કઈ સાલથી અમલમાં આવ્યો ?

(A) 1970 (B) 1956

(C) 1923

9) ભાગીદારી પેઢીમાં વધુમાં વધું કેટલા ભાગીદારો હોય છે ?

(A) બે (B) દસ

(C) વીસ

10) શેર પ્રીમિયમથી બહાર પાડવા એટલે .....

(A) શેરની મૂળ કિંમત કરતાં વધું કિંમતે બહાર પાડવા

(B) શેરની મૂળ કિંમત કરતાં ઓછી કિંમતે બહાર પાડવા

(C) મૂળ કિંમતે બહાર પાડવા

11) નીચેનામાંથી ---------- પ્રેફરન્સ શેરનો પ્રકાર નથી.

(A) ઇક્વીટી (B) કન્વર્ટિબલ

(C) ડિફર્ડ

12) શેર જપ્તીની રકમ કયા ખાતે લઈ જવામાં આવે છે ?

(A) નફા-નુકસાન ખાતે (B) સામાન્ય અનામત

(C) મૂડી અનામત ખાતે

13) આવક-જાવક ખાતું કોના જેવું છે ?

(A) રોકડખાતા જેવું (B) નફા-નુકસાનખાતા જેવું

(C) ઉપજ-ખર્ચખાતા જેવું

14) સંજીવની ચેરીટેબલ હોસ્પિટલ એ કયા પ્રકારની સંસ્થા છે ?

(A) વેપારી સંસ્થા (B) બિન વેપારી સંસ્થા

(C) સરકારી સંસ્થા

15) બિન વેપારી સંસ્થાના હિસાબોમાં દાન (સખાવત) એ કયા પ્રકારની આવક છે ?

(A) મહેસૂલી આવક (B) અન્ય આવક

(C) મૂડી આવક

## વિભાગ - B

■ **પ્રશ્નક્રમાંક 16 થી 30 અતિ ટૂંકા જવાબી પ્રશ્નો છે. જેના જવાબ એક વાક્યમાં લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[15]**

16) આડતના પ્રકારો જણાવો.

17) લેણી હૂંડીનો વટાવ આડતમાલ ખાતાની કઈ બાજુ નોંધાય ?

18) આડતિયો માલધણીને કયું પત્રક મોકલે છે ?

19) એકનોંધી હિસાબી પદ્ધતિમાં આખરની મૂડી શોધવા કયું પત્રક તૈયાર કરવામાં આવે છે ?

20) એકનોંધી પદ્ધતિનાં સ્વરૂપો જણાવો.

21) એકનોંધી પધ્ધતિ સામાન્ય રીતે કોણ કોણ રાખે છે ?

22) ભાગીદારોનાં મૂડી ખાતાં રાખવાની પધ્ધતિઓ જણાવો.

23) ભાગીદારીમાં ઓછામાં ઓછા કેટલા ભાગીદારો હોય છે ?

24) ભારતમાં ભાગીદારી ધારો કઈ સાલથી અમલમાં આવ્યો ?

25) શેર પ્રીમિયમની કઈ બાકી હોય છે ?

26) શેરના પ્રકાર જણાવો.

27) શેર વટાવ એટલે શું ?

28) બિનવેપારી સંસ્થા પોતાના હિસાબી ચોપડે કયું ખાતું તૈયાર કરતી નથી ?

29) સામાન્ય અનામત શું છે ?

30) બિનવેપારી સંસ્થાઓની મુખ્ય આવક કઈ છે ?

## વિભાગ - C

■ **પ્રશ્ન ક્રમાંક 31 થી 38 ટૂંકા જવાબી પ્રશ્નો છે, જેના માગ્યા મુજબ જવાબ આપવાના છે. આઠમાંથી ગમે તે છ ના જવાબ લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** [18]

31) કાચું ભરતિયું અને વેચાણ આંકડો તફાવત જણાવો (ફક્ત ત્રણ મુદ્દા)

32) પ્રેફરન્સ શેરના પ્રકારો જણાવો.

33) વેપારી સંસ્થા અને બિનવેપારી સંસ્થા નો તફાવત ત્રણ મુદ્દામાં જણાવો.

34) એક પેઢીના ભાગીદારે પેઢીમાંથી દર મહિનાની શરૂઆતમાં ₹ 720 નો ઉપાડ કર્યો છે. જો ઉપાડ પર 5% વ્યાજ વસૂલ કરવાનું હોય તો ઉપાડ પર વ્યાજ ગણો.

35) સંચાલકીય હિસાબી પધ્ધતિનાં ત્રણ લક્ષણો જણાવો.

36) ફુગાવાલક્ષી હિસાબી પધ્ધતિના ફાયદા અને ગેરફાયદા જણાવો.

37) માનવ સંપત્તિના હિસાબો ફાયદા જણાવો.

38) કોમ્પ્યુટરના ભાગો અને C.P.U. ના ભાગો જણાવો.

## વિભાગ - D

■ **પ્રશ્નક્રમાંક 39 થી 45 નિબંધ પ્રકારના પ્રશ્નો છે, જેના માગ્યા મુજબ જવાબ લખો. સાતમાંથી ગમે તે છ લખો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** [30]

39) ચરોત્તરની ચંપાએ ગંગાપુરની ગંગાને ₹ 60,000 નો માલ આડતથી વેચવા મોકલ્યો. માલ-મોકલતાં રેલ્વેનૂર ₹ 3,500 અને મજૂરીના ₹ 200 ચૂકવ્યા. તરત જ ₹ 42,000 ની 3 માસની મુદતની હૂંડી આડતિયા પર લખી. જેનો સ્વીકાર થયો. આ હૂંડી તરત જ 10% ના દરે બેંકમાં વટાવી.

આડતિયાને સામાન્ય આડત પર 5% આડત આપવાની છે. આડતિયાએ મજૂરી જકાતના ₹ 500 ભરી માલ છોડાવ્યો. આડતિયાએ ₹ 50,000 ની મૂળ કિંમતનો

માલ ₹ 60,000 માં રોકડેથી વેચ્યો. બાકીનો માલ ₹ 22,000 માં ઉધારે વેચ્યો. માલધણીના ચોપડે આડતમાલ ખાતું તૈયાર કરો.

40) શ્રી મેલડી પ્રેસ પોતાના હિસાબો એકનોંધી પધ્ધતિએ રાખે છે. તમને નીચેની માહિતી આપવામાં આવે છે.

(1) તા. 1-1-2019 ના રોજની મૂડી ₹ 55,000

(2) તા. 31-12-2019 ના રોજની મૂડી ₹ 75,000

(3) વર્ષ દરમ્યાન લાવેલ વધારાની મૂડી ₹ 12,000

(4) વર્ષ દરમ્યાન કરેલ ઉપાડા

| | |
|---|---|
| L.I.C. | ₹ 3,200 |
| આવકવેરો | ₹ 2,800 |
| ઘરખર્ચ | ₹ 4,200 |

તા. 31-12-2019 ના રોજનો નફો શોધો.

41) મહેશે જયેશ પર દરેક ₹ 500 ની કિંમતની 100 સાયકલો આડતથી વેચવા મોકલી. માલ મોકલતાં માલધણીએ નૂર અને મજૂરીના ₹ 2,000 ચૂકવ્યા. જયેશે માલ છોડાવવા અંગેના ₹ 1,500 ચૂકવ્યા. તા. 31-12-2015 ના રોજ મહેશનું હિસાબી વર્ષ પુરૂ થયું તેણે 80 સાયકલો ₹ 620 ના ભાવે વેચી હતી. આ અંગે સેલ્સમેનનો પગાર તેમજ જાહેરાત ખર્ચના ₹ 2,600 ચૂકવ્યા.

આખર સ્ટોકની ગણતરી કરો.

42) 1 જાન્યુઆરી 2015 ના રોજ જ્યોતિ લિમિટેડે ₹ 100 નો એક એવા 1,000 ઇક્વિટી શેર બહાર પાડ્યા. નાણાં નીચે મુજબ ભરવાના હતાં -

— અરજી સાથે ₹ 20

— મંજૂરી સાથે ₹ 25

— પ્રથમ હપ્તા સાથે ₹ 30

— બીજા હપ્તા સાથે ₹ 25

કંપનીને 900 શેર માટે અરજીઓ મળી જે જમામ મંજૂર કરવામાં આવી પ્રથમ અને બીજા હપ્તાની રકમ સમયસર અને પૂરેપૂરી મળી ગઈ.

ઉપરના વ્યવહારો પરથી જ્યોતિ કંપનીના ચોપડે આમનોંધ લખો.

(બા. જે. જરૂરી નથી)

43) રવિ અને સૂર્ય એક પેઢીના ભાગીદારો છે. તા. 1-1-2016 ના રોજ તેમની મૂડી અનુક્રમે ₹ 60,000 અને ₹ 40,000 હતી. વર્ષ દરમ્યાન તેમનો ઉપાડ અનુક્રમે ₹ 10,000 અને ₹ 5,000 હતો.

ભાગીદારી કરારપત્ર મુજબ ભાગીદારોને મૂડી પર 5% વ્યાજ આપવું અને ઉપાર પર 10% વ્યાજ વસૂલ કરવું. રવિને સક્રિય વહીવટ બદલ ₹ 4,800 વાર્ષિક પગાર આપવો.

તા 31-12-2016 ના રોજ પૂરાથતા વર્ષનો નફો ₹ 18,300 હતો.

ઉપરની માહિતી પરથી નફા-નુકસાન ફાળવણી ખાતું અને ભાગીદારોનાં મૂડી ખાતાં તૈયાર કરો.

44) બિનવેપારી સંસ્થાનો અર્થ આપી ઉદાહરણો જણાવો તેમજ તેના ચાર લક્ષણો જણાવો.

45) 10,000 લિટર રસાયણ લિટરના 0.80 પૈસાના ભાવે આડતથી વેચવા મોકલ્યું. માલ મોકલતાં ₹ 400 ખર્ચ થયો. રસ્તામાં બાષ્પીભવનથી 400 લિટર રસાયણ ઊડી ગયું.

આડતિયા એ 7,200 લિટર રસાયણ ₹ 2 ના ભાવે વેચ્યું.

આખર સ્ટોકની ગણતરી કરો.

## વિભાગ - E

■ **પ્રશ્નક્રમાંક 46 થી 48 વિસ્તૃત પ્રકારના પ્રશ્નો છે. ત્રણમાંથી ગમે તે બે લખો. દરેક પ્રશ્નના 11 ગુણ છે.** **[22]**

46) શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી પોતાના હિસાબો એકનોંધી પધ્ધતિએ રાખે છે. નીચેની વિગતો પરથી ઉધાર ખરીદી અને ઉધાર વેચાણ શોધો.

| વિગત | તા. 01-04-2004 ₹ | તા. 31-03-2005 ₹ |
|---|---|---|
| દેવી હૂંડી | 840 | 1,540 |
| લેણી હૂંડી | 420 | 1,120 |
| લેણદારો | 6,720 | 4,120 |
| દેવાદારો | 12,600 | 12,000 |
| સ્ટોક | 5,600 | 8,700 |

**વધારાની માહિતી :**

| | |
|---|---|
| લેણી હૂંડીના રોકડા મળ્યા | ₹ 2,120 |
| દેવી હુંડીના રોકડા ચૂકવ્યા | ₹ 2,540 |
| દેવાદારો પાસેથી રોકડા મળ્યા | ₹ 62,000 |
| લેણદારોને રોકડા ચૂકવ્યા | ₹ 54,600 |
| વેચાણ માલ પરત | ₹ 800 |
| ખરીદ માલ પરત | ₹ 600 |
| વટાવ મળ્યો | ₹ 500 |
| વટાવ આપ્યો | ₹ 800 |
| ઘાલખાધ | ₹ 700 |

47) (A) સીતા, ગીતા અને મીતા એક પેઢીના ભાગીદારો છે. તેઓ 5 : 3 : 2 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે. વર્ષના અંતે પેઢીનો નફો ₹ 1,00,000 થયો હોય તો દરેક ભાગીદારના ભાગે કેટલો નફો આવે ?

(B) માંકડ અને મચ્છર એક પેઢીના ભાગીદારો છે. માંકડ દર મહિનાની પહેલી તારીખે ₹ 400 નો ઉપાડ કરે છે. જ્યારે મચ્છર દર મહિનાની છેલ્લી તારીખે ₹ 400 નો ઉપાડ કરે છે. 12% લેખે બન્નેના વ્યાજનો તફાવત શોધો.

(C) ભાગીદારીનાં ચાર લક્ષણો જણાવો.

48) લાયોનેસ ક્લબનું તા. 31-3-2004 ના રોજ પૂરાથતા વર્ષનું આવક-જાવક ખાતું નીચે મુજબ છે. તેના આધારે તા. 31-3-2004 ના રોજ પૂરાંથતા વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું તૈયાર કરો.

ઉધાર **આવક-જાવક ખાતું** જમા

| આવક | ₹ | જાવક | ₹ |
|---|---|---|---|
| રોકડ સિલક | 1,000 | બેન્ક ઓવરડ્રાફ્ટ | 500 |
| લવાજમ | | પગાર | 4,800 |
| 2002-03 | 200 | મનોરંજન કાર્યક્રમ ખર્ચ | 2,000 |
| 2003-04 | 6,000 | સ્ટેશનરી | 1,500 |

| | | | |
|---|---|---|---|
| 2004-05 | 300 | ઇલેક્ટ્રિક ફિટીંગ્સ | 2,000 |
| મનોરંજન કાર્યક્રમની | | જામીનગીરીમાં રોકાણ | 3,000 |
| આવક | 5,000 | બિલિયર્ડ ટેબલ | 4,000 |
| પ્રવેશ ફી | 2,000 | | |
| રોકાણો પર વ્યાજ | 1,500 | આખર રોકડ સિલક | 300 |
| જૂના ફર્નિચરનું વેચાણ | 100 | આખર બેન્ક સિલક | 1,000 |
| (ચોપડા કિંમત ₹250) | | | |
| સખાવત | 3,000 | | |
| | **19,100** | | **19,100** |

**હવાલા :**

(1) ક્લબનાં 250 સભ્યો દરેક વાર્ષિક ₹ 25 લવાજમના ચૂકવે છે.

(2) પગાર ચૂકવવાનો બાકી ₹ 600.

(3) રોકાણો પર મળવાનું બાકી વ્યાજ ₹ 200.

(4) પ્રવેશ ફી 50% મૂડીકૃત કરવાની છે.

◆◆◆